જિલ્લા શિક્ષણાધિકારી કચેરી – રાજકોટ
શ્રી કરણસિંહજી હાઇસ્કુલ બિલ્ડીંગ, સીટી ગેસ્ટ હાઉસ સામે, ભુપેન્દ્ર રોડ, રાજકોટ–૩૬૦ ૦૦૧.
ફોન નં : (૦૨૮૧) ૨૨૨૩૪૫૩
Email : rajkotdeo@gmail.com

ક્રમાંક: માધ્ય/ખ–૧/ફિક્સ પગાર સેવા/૨૦૨૨/૧૧૧૫૪-૧૧૪૩૬ તા.૨૪/૧૧/૨૦૨૨

ઇ–મેઇલ દ્વારા

–: વંચાણે લીધા :–

(૧) શિક્ષણ વિભાગનો ઠરાવ ક્રમાંક : બમશ/૧૧૧૯/૧૩૪૬/ગ, તા.૦૭/૧૦/૨૦૨૨.

(૨) કમિશ્નર શાળાઓની કચેરી, ગાંધીનગરના પત્રક્રમાંક: ધ/માધ્ય./અનદ–૧/૨૦૨૨/૧૮૫૭૦–૬૦૬, તા.૦૭/૧૦/૨૦૨૨.

–: પરિપત્ર :–

બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં શિક્ષણ વિભાગના તા.૦૨/૦૭/૧૯૯૯ના ઠરાવ બાદ નિમણૂક પામેલ શિક્ષણ સહાયકો, વહિવટી સહાયકો અને સાથી સહાયકોની પાંચ વર્ષની ફિક્સ પગારની બજાવેલ સેવાઓને બઢતી, પ્રવરતા, ઉચ્ચત્તર પગાર ધોરણ તેમજ નિવૃતિ વિષયક લાભો માટે સેવા તરીકે, વંચાણે લીધા–(૧) દર્શિત ઠરાવની શરતોને આધીન **તા.૦૧/૦૪/૨૦૧૯** ની અસરથી ગણવાની મંજૂરી આપવામાં આવેલ છે. વંચાણે લીધા–(૨) દર્શિત પત્રથી સદર ઠરાવ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ તમામ જિલ્લા શિક્ષણાધિકારી કચેરીઓને મોકલી આપવામાં આવેલ છે. જે અન્વયે શિક્ષણ વિભાગના તા.૦૨/૦૭/૧૯૯૯ ના ઠરાવ બાદ નિમણૂક પામેલ અને હાલ ફરજ બજાવતાં કર્મચારીઓની શાળા કક્ષાએથી સર્વિસબુકમાં સદર ઠરાવના લાભ આપવાની નોંધ કરવાની રહેશે. સદર નોંધમાં શિક્ષણ વિભાગના તા.૦૭/**૧૦/૨૦૨૨ ના ઠરાવની શરતોને આધીન** એવું સ્પષ્ટ લખવાનું રહેશે.

**ખાસ નોંધ :–**

1) આ સાથે સર્વિસબુકમાં નોંધ કરવા બાબતે, એકસુત્રતા રહે તે હેતુંથી નોંધનો નમુનો સામેલ છે, જે ફક્ત જાણ સારૂ આ સહ સામેલ છે. સદર નોંધમાં પ્રત્યેક કર્મચારીને લાગુ પડતા કિસ્સાઓમાં, નોંધમાં જરૂરી સુધારા–વધારા કરી, જરૂરી વિગતો આવરી લેતી, નોંધ સર્વિસબુકમાં કરવાની રહેશે.
2) **પાંચ વર્ષની ફિક્સ પગારની સેવા દરમ્યાન ખાસ કિસ્સાઓ જેવા કે જો કોઇ કર્મચારીને વિનિયમિત કરેલ હોય, ફરજ મોકુફી કે અન્ય કારણે સેવા તૂટ હોય, પોલિસ કેસ થયેલ હોય, શાળામંડળ દ્વારા કર્મચારી વિરૂધ્ધ શિસ્તવિષયક કાર્યવાહીના હુકમ થયેલ હોય, કર્મચારીની નિમણૂક/લાયકાત/પગારધોરણ બાબતે કોર્ટ/ટ્રિબ્યુનલ કેસ થયેલ હોય તેવા કેસોમાં, સર્વિસબુકમાં સદરહું નોંધ કરતા પહેલા, અત્રેની કચેરીનું સમર્થન બિનચુક મેળવવાનું રહેશે. ત્યારબાદ જ સર્વિસબુકમાં નોંધ કરવાની રહેશે.** ફક્ત આવા ખાસ કિસ્સા ધરાવતા કર્મચારીઓની શાળાના ફોરવર્ડીંગ લેટર સાથેની દરખાસ્ત, આ સાથે સામેલ નિયત ચેકલિસ્ટ અને આધારો/પ્રમાણપત્રોની પ્રમાણિત નકલ સાથે સત્વરે રજૂ કરવાની રહેશે.

જિલ્લા શિક્ષણાધિકારી
રાજકોટ

બિડાણ :–

- સર્વિસબુકમાં નોંધ કરવા બાબતનો નોંધનો નમુનો
- ચેક લિસ્ટ અને દરખાસ્ત ફોર્મ (ફક્ત ખાસ કિસ્સાઓ માટે)
- વંચાણે લીધા–(૧) અને (૨) ની નકલ

પ્રતિ,

- આચાર્યશ્રી, બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ તમામ, જિ. રાજકોટ.

**નકલ જાણ તથા અમલવારી સારૂ :–**

- ક–૩, ખ–૨, ખ–૪, ખ–૫, ખ–૬, ખ–૭ શાખા તેમજ તમામ બીટ શિ.નિ.શ્રી અને મ.શિ.નિ.શ્રી, આ કચેરી.

**નકલ સવિનય જાણ સારૂ :–**

- સયુંક્ત શિક્ષણ નિયામકશ્રી (માધ્યમિક), કમિશ્નર શાળાઓની કચેરી, બ્લોક નં. ૯, ગાંધીનગર–૩૮૨ ૦૧૦.
- સયુંક્ત શિક્ષણ નિયામકશ્રી (૧૦+૨), કમિશ્નર શાળાઓની કચેરી, બ્લોક નં. ૯, ગાંધીનગર–૩૮૨ ૦૧૦.
- માન.કમિશ્નરશ્રી, કમિશ્નર શાળાઓની કચેરી, બ્લોક નં. ૯, ડૉ. જે.એમ.ભવન ગાંધીનગર–૩૮૨ ૦૧૦.

## -: શિક્ષણ સહાયક/વહિવટી સહાયક/ સાથી સહાયકની ફિક્સપગારની સેવાઓને બઢતી, પ્રવરતા, ઉચ્ચતર પગાર ધોરણ તેમજ નિવૃતિ સમયે નિવૃતિ વિષયક લાભો માટે સેવા તરીકે માન્ય ગણવા બાબતની નોંધ :-

શિક્ષણ વિભાગના તા.૦૨/૦૭/૧૯૯૯ ના ઠરાવ બાદ, શ્રી ................................... ............................ (કર્મચારીનું નામ), તેઓની પ્રથમ નિમણૂકવાળી બિનસરકારી અનુદાનીત માધ્યમિક/ઉચ્ચત્તર માધ્યમિક શાળા ........................................................................, મુ. ............., તા. ................ ના .................... (માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક)વિભાગમાં ......................... (શિક્ષણ સહાયક/વહિવટી સહાયક/ સાથી સહાયક) તરીકે નિયમાનુસાર ભરતી પધ્ધતીથી નિમણુક થતાં, હાજર થયા તારીખ......................... થી સહાયક સંવર્ગમાં કપાત પગારી રજાઓના ............ દિવસો બાદ કરતાં, તારીખ....................... ના રોજ પાંચ વર્ષની સંતોષકારક નોકરી પૂર્ણ થયેલ છે. જેથી તારીખ............................ થી મૂળ........................................ (મદદનીશ શિક્ષક (માધ્યમિક/ઉચ્ચત્તર માધ્યમિક)/જુનિયર કલાર્ક/સિનિયર કલાર્ક/હેડ કલાર્ક/પટ્ટાવાળા) સંવર્ગમાં અને પૂરા પગારધોરણમાં સમાવવામાં આવેલ છે. જેથી શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક : બમશ/૧૧૧૯/૧૩૪૬/ગ, તા.૦૭/૧૦/૨૦૨૨, કમિશ્નર શાળાઓની કચેરી, ગાંધીનગરના પત્રક્રમાંક: ધ/માધ્ય./અનદ-૧/૨૦૨૨/૧૮૫૭૦-૬૦૬, તા.૦૭/૧૦/૨૦૨૨ અને જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, રાજકોટના પરિપત્ર ક્રમાંક : માધ્ય/ખ-૧/ફિક્સ પગાર સેવા/૨૦૨૨/૧૧૧૫૪-૧૧૪૩૬, તા.૧૪/૧૧/૨૦૨૨ અન્વયે મજકુર કર્મચારીની હાજર થયા તા. .................... થી કપાત પગારી રજાઓ બાદ કરતાં, પાંચ વર્ષ પૂરા થયા તા.................... સુધીની ફિક્સ પગારની સેવાઓને બઢતી, પ્રવરતા, ઉચ્ચતર પગાર ધોરણ તેમજ નિવૃતિ સમયે નિવૃતિ વિષયક લાભો માટે, શિ.વિ.ના તા.૦૭/૧૦/૨૦૨૨ ના ઠરાવની શરતોને આધીન, સેવા તરીકે ગણવાની મંજૂરી મળતાં નોંધ કરવામાં આવી.

**(જો કર્મચારી પ્રથમ નિમણૂકવાળી શાળામાંથી ફાજલ થઇ હાલ અન્ય શાળામાં હાલ ફરજ બજાવતો હોય અથવા બઢતી મેળવેલ હોય તો નીચે વિગત પણ નોંધમાં ઉમેરવી.)**

મજકુર કર્મચારીની હાલની બિનસરકારી શાળા ........................................ ........................., મુ. ............., તા. ................ ના .................... (માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક)વિભાગમાં હાલના ...................... હોદ્દા પર હાજર થયા તા. ....................... છે.

તારીખ : / /

આચાર્યના સહિ/સિક્કા

પાંચ વર્ષની ફિક્સ પગારની સેવા દરમ્યાન ખાસ કિસ્સાઓ જેવા કે વિનિયમિત કેસો, શિક્ષાત્મક કાર્યવાહી, ફરજમોકુફી, સેવા તૂટ, પોલિસ કેસ, કોર્ટ/ટ્રિબ્યુનલ કેસ થયેલ હોય તેવા કર્મચારીની ફિક્સ પગારની સેવાઓને બઢતી, પ્રવરતા, ઉચ્ચતર પગાર ધોરણ તેમજ નિવૃતિ સમયે નિવૃતિ વિષયક લાભો માટે સેવા તરીકે માન્ય ગણવાની દરખાસ્તનું ચેકલિસ્ટ

| | | |
|---|---|---|
| શાળાનું નામ–ગામ: | | |
| | | |
| 1 | કર્મચારીનું નામ :– | |
| | **ચેકલીસ્ટ** | |
| ક્રમ | વિગત | પાન નંબર/ લાગુ પડતુ નથી. |
| 1 | એન.ઓ.સી.ની પ્રમાણિત નકલ | |
| 2 | કામચલાઉ બહાલીની પ્રમાણિત નકલ / ભલામણ પત્ર | |
| 3 | નિમણુંક હુકમની પ્રમાણિત નકલ | |
| 4 | હાજર રીપોર્ટની પ્રમાણિત નકલ | |
| 5 | કાયમી બહાલીની પ્રમાણિત નકલ | |
| 6 | બિન પગારી રજા (L.W.P.) નું પ્રમાણપત્ર (નમુના મુજબ) | |
| 7 | પુરા પગારના આદેશની પ્રમાણિત નકલ | |
| 8 | સેવાપોથીના પ્રથમ પાનાની પ્રમાણિત નકલ | |
| 9 | ફિક્સ પગારની સેવા દરમ્યાન જો શિક્ષાત્મક કાર્યવાહી/ફરજ મોકુફી/સેવા તૂટ/પોલીસ કેસ ન હોય તો પ્રમાણપત્ર, જો હોય તો તેના આધારો | |
| 10 | ફિક્સ પગારની સેવા દરમ્યાન ફરજ મોકૂફ કરેલ હોય, સેવા તૂટ કે શિક્ષા કરેલ હોય તો તેનો આદેશ | |
| 11 | ફિક્સ પગારની સેવા દરમ્યાન ફરજ મોકૂફીના સમયગાળાને વિનિયમિત કરવામાં આવેલ હોય તો તેનો હુકમ | |
| 12 | ફિક્સ પગારની સેવા દરમ્યાન જો નિમણૂક/લાયકાત/પગારધોરણ બાબતે કોર્ટ/ટ્રિબ્યુનલ કેસ થયેલ ન હોય તો પ્રમાણપત્ર | |
| 13 | ફિક્સ પગારની સેવા દરમ્યાન જો નિમણૂક/લાયકાત/પગારધોરણ બાબતે કોર્ટ/ટ્રિબ્યુનલ કેસ થયેલ હોય તો કેસની ટૂંકી વિગત, વચગાળાના આદેશો (જો હોય તો) અને કેસની છેલ્લી સ્થિતિની માહિતીના પ્રમાણિત આધારો | |
| 14 | જે કર્મચારીઓની સેવા વિનિયમિત થયેલ હોય તો તેના આધાર | |
| | | |
| | | |
| | | |

સ્થળ:– આચાર્યની સહી/સિક્કો

તારીખ:–

પાંચ વર્ષની ફિક્સ પગારની સેવા દરમ્યાન ખાસ કિસ્સાઓ જેવા કે વિનિયમિત કેસો, શિક્ષાત્મક કાર્યવાહી, ફરજમોકુફી, સેવા તૂટ, પોલિસ કેસ, કોર્ટ/ટ્રિબ્યુનલ કેસ થયેલ હોય તેવા કર્મચારીની ફિક્સ પગારની સેવાઓને બઢતી, પ્રવરતા, ઉચ્ચતર પગાર ધોરણ તેમજ નિવૃતિ સમયે નિવૃતિ વિષયક લાભો માટે સેવા તરીકે માન્ય ગણવાની દરખાસ્તનું માહિતી પત્રક :-

શાળાનું નામ-ગામ:

| | | | |
|---|---|---|---|
| * | ઉપરોક્ત કારણ પૈકી ક્યાં કારણ/કારણોથી આ દરખાસ્ત રજૂ કરવામાં આવેલ છે ? | | |
| 1 | કર્મચારીનું નામ | | |
| 2 | હોદ્દો | | |
| 3 | વર્ગ | | |
| 4 | વિભાગ (માધ્ય/ઉ.મા.) | | |
| 5 | જન્મ તારીખ | | |
| 6 | કોમ્પ્યુટર કોડ નંબર | | |
| 7 | સી.પી.એફ.નંબર | | |
| 8 | નિમણૂંકની વિગત | | |
| | 8.1 | પ્રથમ નિમણૂક વાળી શાળાનું નામ | |
| | 8.2 | નિમણૂક હુકમ નંબર અને તારીખ | |
| | 8.3 | હાજર થયા તારીખ | |
| | 8.4 | કર્મચારીની સેવાઓ વિનિયમિત કરેલ છે? | |
| | 8.4-1 | જો હા તો નીચેની વિગત રજુ કરવી. | |
| | 8.4-2 | વિનિયમિત આદેશ નંબર અને તારીખ | |
| | 8.4-3 | કાયમી કર્યા તારીખ | |
| | 8.4-4 | પાયાનું વર્ષ | |
| 9 | પુરા પગારની વિગત | | |
| | 9.1 | પુરા પગારમાં સમાવ્યા તારીખ | |
| | 9.2 | પુરા પગાર આદેશ નંબર અને તારીખ | |
| | 9.3 | પુરા પગારનું પગાર ધોરણ | |
| 10 | નિમણૂંક તારીખ થી આજદિન સુધીમાં ભોગવેલ કપાત પગારની વિગત - | | |

| ક્રમ | કઈ તારીખથી કઈ તારીખ સુધી | કુલ દિવસ | રજા ભોગવવાનું કારણ |
|---|---|---|---|
| | | | |
| | | | |
| | | | |
| | | | |

| | | | |
|---|---|---|---|
| 11 | નિમણૂંક તારીખથી આજદિન સુધીમાં થયેલ શિક્ષા/સજાની વિગત | | |
| | 11 | આદેશ નંબર | |
| | 11 | તારીખ | |
| | 11 | સજાની વિગત | |
| 12 | નિમણૂંક તારીખથી આજદિન સુધીમાં ફરજ મોકૂફ કરેલ હોય તો તેની વિગત – | | |
| | 12 | આદેશ નંબર | |
| | 12 | તારીખ | |
| | 12 | પરત લીધા તારીખ | |
| | 12 | આ સમયને વિનિયમિત કરવામાં આવેલ હોય તો તેનો આદેશ નંબર | |

<u>બાંહેધરી</u>

આથી બાહેધરી આપું છું કે હું ____________________માં હાલ ફરજ બજાવું છું. ઉપર દર્શાવેલ વિગતો મારી જાણ મુજબ સાચી છે તેમજ મારી સેવા સળંગ ગણવાના કારણે મને ચૂકવાયેલ વધારાની રકમ,પગાર ધોરણની આખરી થયે મારી બાકી નીકળતી રકમ હોય તો તે,પરત કરવા બાહેધરી આપું છું.

કર્મચારીની સહી

<u>–: પ્રમાણ પત્ર :–</u>

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે, ઉપરોક્ત દર્શાવેલ વિગતો શાળાના રેકર્ડ ઉપરથી રજૂ કરવામાં આવેલ છે.જેની મેં જાતે ખરાઈ કરેલ છે.જે ખાત્રી બદલ આ પ્રમાણપત્ર આપવામાં આવે છે.

| | | | |
|---|---|---|---|
| સ્થળ:– | | શાળાનો ગોળ સિક્કો | આચાર્યની સહી/સિક્કો |
| તારીખ:– | | | |

–:: <u>બિન પગારી રજા (L.W.P.)બાબતનું પ્રમાણપત્ર</u> :: –

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, અત્રેની શાળામાં ફરજ બજાવતા________________ તેમની પ્રથમ હાજર થયા તારીખ થી ફિક્સ પગારની સેવાના પાંચ વર્ષ પૂર્ણ કર્યા સુધીની નોકરી દરમ્યાન કુલ ____દિવસની બિન પગારી રજા ભોગવેલ છે. તથા સદર દિવસો પૂરાપગારના સમયમાંથી બાદ કરેલ છે. જે બદલ આ પ્રમાણપત્ર આપવામાં આવે છે.

| | | | |
|---|---|---|---|
| સ્થળ:– | | શાળાનો ગોળ સિક્કો | આચાર્યની સહી/સિક્કો |
| તારીખ:– | | | |

**:: <u>શિક્ષાત્મક કાર્યવાહી / ફરજ મોકુફી / પોલીસ કેસ / કોર્ટ / ટ્રિબ્યુનલ કેસ પ્રમાણપત્ર</u> ::**

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, અત્રેની શાળામાં ફરજ બજાવતા ______________________________ સામે પ્રથમ હાજર થયા તારીખ થી ફિક્સ પગારની સેવાના પાંચ વર્ષ પૂર્ણ કર્યા સુધીની નોકરી દરમ્યાન કોઈ શિક્ષાત્મક કાર્યવાહી / ફરજ મોકુફી / સેવા તુટ / પોલીસ કેસ / કોર્ટ કેસ /ટ્રિબ્યુનલ કેસ થયેલ નથી, જે બદલ આ પ્રમાણપત્ર આપવામાં આવે છે.

| | | | |
|---|---|---|---|
| **સ્થળ:-** | | **શાળાનો ગોળ સિક્કો** | **આચાર્યની સહી / સિક્કો** |
| **તારીખ:-** | | | |

*** જે કેસ લાગુ પડતો ન હોય, તે મુજબ ઉક્ત પ્રમાણપત્રમાં આનુસંગિક સુધારો કરવો અને જે કેસ લાગુ પડતા હોય તેના આધારો રજૂ કરવા.**

D:\Scanned PDFs\KH-1_PARIPATRA\Special_Case_Fix_Pay_Seva_Continue_Labh_Paripatra\Special_Case_Fix_Pay_Seva_Continue_Labh_Checklist_Darkhast_Form

રાજ્યની બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વિભાગના તા.૦૨/૦૭/૧૯૯૯ના ઠરાવ બાદ નિમણૂંક પામેલ શિક્ષણ સહાયકો, વહિવટી સહાયકો અને સાથી સહાયકોની પાંચ વર્ષની ફિક્સ વેતનથી બજાવેલ સેવાઓ બઢતી, પ્રવરતા, ઉચ્ચતર પગાર ધોરણ તેમજ નિવૃત્તિ વિષયક લાભો માટે માન્ય ગણવા બાબત.

જિલ્લા શિક્ષણ અધિકારી કચેરી
આ. નં. ૧૫૯૫
૦૭/૧૦/૨૦૨૨

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક: બમશ/૧૧૧૯/૧૩૪૬/ગ
સચિવાલય, ગાંધીનગર.
તા.૦૭/૧૦/૨૦૨૨.

વંચાણે લીધા:-

(૧) શિક્ષણ વિભાગનો તા.૦૨/૦૭/૧૯૯૯નો ઠરાવ ક્રમાંક: બમશ/૧૧૯૯/૭૪૧(૨)/ગ.

(૨) નાણા વિભાગનો તા.૧૬/૦૨/૨૦૦૬નો ઠરાવ ક્રમાંક: ખરચ/૨૦૦૨/૫૭/ઝ.૧.

(૩) શિક્ષણ વિભાગનો તા.૦૮/૦૩/૨૦૧૯નો ઠરાવ ક્રમાંક: પીઆરઈ૧૧૨૦૧૭/સીંગલફાઈલ-૫/ક.

(૪) કમિશ્નરશ્રી શાળાઓની કચેરીનો તા.૦૭/૦૯/૨૦૧૯નો પત્ર ક્રમાંક: અનદ-૧/ ઘ/ માધ્ય/ ૨૦૧૯/૨૫૮૧૧.

આમુખ:-

વિભાગના તા.૦૨/૦૭/૧૯૯૯ના વંચાણે લીધા ક્રમાંક(૧) સામેના ઠરાવથી રાજ્યની બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયક, વહીવટી સહાયક અને સાથી સહાયકની પાંચ વર્ષ સુધી ઉચ્ચક માનદ વેતનથી ભરતી કરવા તથા પાંચ વર્ષ સુધી સંતોષકારક કામગીરી બાદ છઠ્ઠા વર્ષથી મળવાપાત્ર પગારધોરણના લાભો આપવાની જોગવાઈ કરવામાં આવેલ છે.

નાણા વિભાગના તા.૧૬/૦૨/૨૦૦૬ના વંચાણે લીધા ક્રમાંક(૨) સામેના ઠરાવથી રાજ્ય સરકારની વર્ગ-૩ અને વર્ગ-૪ની તમામ સંવર્ગોની જગ્યાઓ ઉપરની સીધી ભરતીની નિમણૂંકો પાંચ વર્ષના સમયગાળા માટે ફિક્સ પગારના અજમાયશી તરીક કરવાનું ઠરાવવામાં આવેલ છે.

વિભાગના તા.૦૮/૦૩/૨૦૧૯ના વંચાણે લીધા ક્રમાંક(૩) સામેના ઠરાવથી જીલ્લા શિક્ષણ સમિતિઓ/નગર પ્રાથમિક શિક્ષણ સમિતિઓ હસ્તકની પ્રાથમિક શાળાઓના વિદ્યા સહાયકોની પાંચ વર્ષની સેવાઓને બઢતી, પ્રવરતા, ઉચ્ચતર પગાર ધોરણ તેમજ નિવૃત્તિ વિષયક લાભો માટે માન્ય ગણવા જોગવાઈ કરેલ છે.

કમિશ્નરશ્રી શાળાઓની કચેરીએ તા.૦૭/૦૯/૨૦૧૯ના વંચાણે લીધા ક્રમાંક(૪) સામેના પત્રથી વિભાગના તા.૦૨/૦૭/૧૯૯૯ના ઠરાવ બાદ ફિક્સ પગારથી નિમણૂંક પામેલ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શિક્ષણ સહાયકો, વહિવટી સહાયકો, સાથી સહાયકોની પાંચ વર્ષની ફિક્સ વેતનની

સેવાઓને બઢતી, પ્રવરતા, ઉચ્ચતર પગાર ધોરણ તેમજ નિવૃત્તિ વિષયક લાભો માટે માન્ય ગણવા દરખાસ્ત કરેલ હતી. આ બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

પુખ્ત વિચારણાને અંતે, રાજ્યની બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વિભાગના તા.૦૨/૦૭/૧૯૯૯ના ઠરાવ બાદ નિમણૂંક પામેલ શિક્ષણ સહાયક, વહીવટી સહાયક અને સાથી સહાયકને તેઓની પાંચ વર્ષની ફિક્સ પગારની સેવાઓને બઢતી, પ્રવરતા, ઉચ્ચતર પગાર ધોરણ તેમજ નિવૃત્તિ સમયે નિવૃત્તિ વિષયક લાભો માટે સેવા તરીકે નીચેની શરતોને આધીન તા.૦૧/૦૪/૨૦૧૯ની અસરથી ગણવાની આથી મંજૂરી આપવામાં આવે છે.

(૧) આવી ફિક્સ પગારની નોકરીનો સમયગાળો બઢતી, પ્રવરતા, ઉચ્ચતર પગારધોરણ અને નિવૃત્તિ સમયે મળવાપાત્ર નિવૃત્તિ વિષયક લાભોની ગણતરી માટે જ ધ્યાને લેવામાં આવશે.

(૨) આ ફિક્સ પગારની સેવા ધ્યાને લેવાને કારણે પગારબાંધણી થતાં નક્કી થતાં પગારનો તા.૩૧/03/૨૦૧૯ સુધીના સંપૂર્ણ સમયગાળા સુધીનો કોઇપણ તફાવત [એરીયર્સ] રોકડમાં કે અન્ય કોઈપણ રીતે ચૂકવવાપાત્ર થશે નહીં. અર્થાત તા.૩૧/03/૨૦૧૯ સુધીના સમયગાળા માટે આ ગણતરી માત્ર નોશનલ કરવાની રહેશે તેમજ તા.૩૧/03/૨૦૧૯ સુધીના સમયગાળાનું કોઈ એરીયર્સ મળવાપાત્ર થશે નહીં.

(૩) આ ફિક્સ પગારની સેવાના સમયગાળા માટે કોઈપણ પ્રકારના ઇજાફા ગણતરીમાં, નોશનલના હેતુ માટે પણ, ધ્યાને લેવાના રહેશે નહીં.

(૪) જે કર્મચારીઓને હાલની તારીખે જુની પેન્શન યોજના લાગુ પડે છે તેઓને જુની પેન્શન યોજના લાગુ પડશે. જે કર્મચારીઓ નવી પેન્શન યોજનામાં જોડાયેલ છે તેઓને નવી પેન્શન યોજના જ લાગુ પડશે. અર્થાત ફિક્સ પગારની નોકરીનો સમયગાળો ધ્યાને લેવાના કારણે તેઓને હાલમાં લાગુ પડેલ પેન્શન યોજનામાં કોઈ ફેરફાર કરવામાં આવશે નહીં.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર સરકારશ્રીની તા.03/૧૦/૨૦૨૨ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવેલ છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હૂકમથી અને તેમના નામે,

(ડી.એમ.પઠાણ)
નાયબ સચિવ
શિક્ષણ વિભાગ

નકલ રવાના:-

- માન.રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર. **(પત્ર દ્વારા)**
- માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, માન.મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી(નાણા)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી(નાણા), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ), શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી, બ્લોક નં.૯/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

- તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ (કમિશનરશ્રી, શાળાઓની કચેરી મારફતે)
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજરશ્રી, કોમ્પુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ આ ઠરાવ ઓનલાઇન અપલોડ કરવા સારૂ.
- ના.સે.અ સિલેક્ટ ફાઈલ.
- સિલેક્ટ ફાઈલ.

ક્રમાંક/ઘ/મા.શા./સપભ-૧/૨૦૨૨/૧૯૫૭૦-૬૦૬
કમિશનરશ્રી. મ.ભો. અને શાળાઓની કચેરી
બ્લોક નં. ૯. ડૉ જીવરાજ મહેતા ભવન.
ગુ.રા. ગાંધીનગર. તા. ૦૭/૧૦/૨૦૨૨

પ્રતિ,

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,

તમામ.

રાજ્યની બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષણ વિભાગના તા.૦૨/૦૭/૯૮ ના ઠરાવ બાદ નિમણૂંક પામેલ શિક્ષણ સહાયક, વહીવટી સહાયક, અને સેવક સહાયકોને પાંચ વર્ષની ફિક્સ વેતનથી બજાવેલ સેવાઓ બઢતી, ગણતરી, ઉચ્ચતર પગાર ધોરણ તેમજ નિવૃત્તિ વિષયક લાભો માન્ય ગણવા અંગે શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: બમશ/૧૧૯૮/૧૭૩૫/ગ તા. ૦૭/૦૪/૨૨ ની નકલ તમને જરૂરી કાર્યવાહી અર્થે.

સંયુક્ત શિક્ષણ નિયામક (માધ્યમિક)
કમિશનર શાળાઓની કચેરી
ગુ.રા., ગાંધીનગર

સવિનય નકલ રવાના -

- સંયુક્ત શિક્ષણ નિયામક, 10+2, અત્રે કચેરી,
- સંયુક્ત નિયામક (વિ.આ.બ), અત્રે કચેરી
- જનરલ મેનેજરશ્રી, ઈન્ડેક્ષ-બી, ગાંધીનગર